

વર્ષ ૩ અંક ૯

શ્રીઉત્પત્તિ એકાદશી વ્રત

કારતક વદ ૧૧, ૨૦૬૭

અનુક્રમણિકા

શ્રીગોકુલેશ પાઠશાળા

તાત તણો પ્રતિબિંબ રે રસના



राग देवगंधार

यह सुख क्यों हु कहत न आवै ।

सुखनिधि रससों न्हात रसही रस भाग्य रास सो न्हावे ।। १ ।।

निज जन निरखि निरखि सुख पावत वल्लभरस बरसावै ।

भक्ति कृपा पूरन तें बल अपनै नैनन निरखि सुख पावै ।। २ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

શ્રીમહાપ્રભુના પ્રાગટ્યનું આપણે સૌ કોઇ જાણીએ છીએ. આપશ્રીને ત્યાં બે ભગવદાત્મજનો પ્રાગટ્ય થયો. સં.૧૫૬૮ના ભાદરવા વદી ૧૨ના રોજ શ્રીમહાપ્રભુજીને ત્યાં પ્રથમાત્મજ શ્રીગોપીનાથજીનો પ્રાગટ્ય થયું. અને સં.૧૫૭૨ને શુક્રવારે માગસર વદી ૯ના દિવસે શ્રીમહાપ્રભુજીના દ્વિતીયાત્મજનું પ્રાગટ્ય થયું. પંદર વર્ષ સુધી ચરણાટ, અડેલ, કાશી રહ્યાં અને શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહલીલા (અંતરધ્યાન લીલા) રથયાત્રાના દિવસે કર્યા પછી આપશ્રીનો પરિવાર અડેલ પધાર્યા. શ્રીમહાપ્રભુજીના સ્વપ્રગટીત માર્ગનું સકલ સામર્થ્ય શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુંસાઈજીમાં)માલા-ઉપરણો અને પાઘ આપી સ્થાપિત કર્યું. ત્યારબાદ પોતે પંડીતો સાથે વાદ-વિવાદ કરી માર્ગ સ્થીર કર્યો અને આપશ્રીએ પ્રથમ શ્રીરૂક્ષ્મિણીજી સાથે લગ્ન કર્યા અને આપશ્રીના નવ પુત્ર અને નવ પુત્રી થયાં. આમ અઢાર બાલક થયાં એટલે વેદવિરુદ્ધ હોવાથી ગઢાના રાણી દુર્ગાવતીને નિમિત્ત કરી તેના આગ્રહને માન આપી બીજા લગ્ન ગઢામાં શ્રીપદ્માવતીજી સાથે થયાં. ગઢામાં શ્રીરૂક્ષ્મિણીજીએ અંતરલીલા કરી. અહીં રાણી દુર્ગાવતીના આગ્રહથી ત્રણ વરસ બિરાજ્યાં. સાથે પ્રથમ ચાચા હરિવંશજીને શરણે લીધા. શ્રીપદ્માવતીજીએ એક બાલક શ્રીઘનશ્યામજી થયા, આમ સાત બાલકો અને ત્રણ બેટીજી ભૂતલમાંહાં બિરાજ્યાં. તેમાં શ્રીચતુર્થલાલજીના નામકરણ વખતે પોતે શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય સમજી પોતે શ્રીવલ્લભ નામ ધર્યું અને ભક્ત હીતાર્થ પ્રાગટ્ય છે તે ભક્તરાજ કૃષ્ણદાસીજીએ ઓળખી આયો મેરો ગોકુલનાથ તેથી શ્રીગોકુલનાથ નામ પાડ્યું. આ નામ જગત પ્રસિદ્ધ છે. શ્રીગુંસાઈજીએ આ પ્રાગટ્યને જાણ્યું અને સર્વને જણાવ્યું.

વચનામૃત :- શ્રીગુંસાઈજી શ્રીબાલકૃષ્ણજીનું નામકરણ કરવા બિરાજ્યાં ત્યારે શ્રીગિરિધરજી (જ્યેષ્ઠાત્મજ) પાસે હતા, તેઓએ કહ્યું કે શ્રીવલ્લભ નામ બડા ગુંસાઈજીના નામે ધરો. ત્યારે શ્રીગુંસાઈજી બોલ્યા એ નામ આગે ધરનોં હે. ત્યાર પછી શ્રીઘનશ્યામજીના જન્મ પછી નામકરણને બિરાજ્યાં ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કાકાજી યાકો નામ શ્રીગોકુલનાથજી ધરો ત્યારે કહ્યું એ નામ તો તુમેરો હે ત્યારે પોતે કહ્યું મેરો નામ તો આપે શ્રીવલ્લભ ધર્યો હે, ત્યારે કહ્યું એ દોઉ નામ તુમેરો હે, એ નામની કોહુકી યોગ્યતા નાહીં હૈ ઔર પ્રમાણ શ્લોક :

અગ્નિપુરાણ સંમોહન તંત્રમાં કહે છે કે :-

अग्निरूपो द्विजा चारि भविष्यामांहा भूतले ।।

वल्लभो अग्निरूपस्याद्विट्ठलेः पुरुषोत्तमः ।।

हुता शनावतारस्तु वल्लभो लक्ष्मणात्मज ।।

બ્રહ્માંડ પુરાણ-સાતમો અધ્યાય :-

चत्वारोह्यवतारामे भविष्यन्ति कलियपिय ।।

कृष्णो बुद्धी विट्ठलेश्वरः कलु म्लेच्छ निकन्दनः ।।

पूर्ण कृष्णो बुद्धश्चांसः परमानन्द विट्ठल ।।

स्मृत्तवंतो वयंतत्र गोकुलेश्वर मव्यंम ।।

ચાલો આપણે પણ આપણા પ્રાણપ્યારા સર્વદા સેવ્ય ચતુર્થશ્રીવિઠ્ઠલરાજકુમાર શ્રીગોકુલનાથ પ્રભુચરણના આગમ પ્રાગટ્યની વધાઇ...આયો મહાઓચ્છવ.....

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજને સપ્તમ શ્રીવિઠ્ઠલરાજકુમાર શ્રીઘનશ્યામજીનો પ્રાગટ્યોત્સવ (સં.૧૬૨૮), અને શ્રીમદ્ ચતુર્થ શ્રીવિઠ્ઠલરાજકુમાર આદ્ય ચતુર્થપીઠાધીશ્વર શ્રીમદ્ગોકુલનાથ પ્રભુચરણનો મહોત્સવ...ધન ધન છઠની રાત, શ્રીગોકુલેશચરણશરણાનુરાગી ભક્તો માટે ધન્ય ભાગ છે. શ્રીગોકુલેશાબ્દ ૪૬૦નો પ્રારંભ.

છઠ્ઠ દિવસની રે રાતે

છઠ્ઠ દિવસની રે રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે
વ્હાલે મ્હારો એવો રે રસિયો, ભક્ત હૃદયકમલમાં વસિયો. ૧
રસિયો શ્રીવલ્લભ સુખ રાસે, ભક્ત તણીરે, વ્હાલે પૂરી આશ
મણિમય સુંદર વદન તે સોહીયે, ત્યાં આવી ઉભા મનમોહીએ. ૨
રસની સામગ્રી ત્યાં બહુએ થાળભરી ભરી લાવે સહુએ
તિલક કુમકુમના રે કીધાં, આરતી વારતાં કારજ સીધાં. ૩
ધોતી ઉપરણો રે સોહીએ, દેખી વ્રજજનનાં મન મોહીએ
તુલસી ગુંજા માલ બિરાજે, તે તો ચૌદ લોક પર ગાજે. ૪
કાને કુંડલ રે ઝલકે, દેખી માનુનીના મન ઢલકે
ચંદન ચરચ્યાં રે શ્રીઅંગે, બેઠા વ્રજભક્તન કી સંગે. ૫
વાત કરે છે રે રસાલી, હસી હસી પેટે આવે ખાલી
બીડાં આરોગે રે રસિયો, મોહનભાઈજીના ઉરમાં વસીયો. ૬
ચરણકમલની રે આશ, વિનતી કરે રે કેશવદાસ
છઠ્ઠ દિવસની રે રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે. ૭

આજ મહારે આનંદ ઉર ન સમાયજી

આજ મહારે આનંદ ઉર ન સમાયજી, પ્રકટયા શ્રીવલ્લભરાજ સુકુમારજી. (૧)

ભૂતલ ભાગ્ય તણો નહિ પારજી, દૈવી તે જીવનો કરવા ઉદ્ધારજી. (૨)

મંદિર માંહે તે ચોક પુરાય જી, તોરણ બારણિયે બંધાયજી. (૩)

હુંએ કરૂં વિધવિધના શણગારજી, હરખે તેડાવું તે સૈયર સાથજી. (૪)

નાચું ગાઉં તાળી પાડું બેઉ હાથજી, કોને કહું કહ્યું તે નવ કહેવાયજી. (૫)

છબિ પર જન રસિક બલ જાયજી; આજ મારે આનંદ ઉર ન સમાયજી. (૬)

राग जेजेवंती :- श्रीविठ्ठल गृहे आनन्द सबे ले चलहु आज वधाई ।। रुक्मिनी जायौ पूत सौ घर घर मंगल माई ।। १ ।। सुनि सुनि सब व्रजनारी सो पीयकुं देखन आई ।। सहेज सिंगार बनाय चली अपणे मन भाई ।। २ ।। गावत मंगल गीत अरू मंगल थार भराई ।। मंगल कलस बनायौ सबै सजी मंदिर आई ।। ३ ।। नाचत करत विनोद जु आनंद उर न समाई ।। आलिंगत एक चुंबति मिलत परस्पर धाई ।। ४ ।। केसरि धोरि कलस भरि, ढ़ोरति सीस नवाई ।। उमड़ि चल्यौ रस रंग सौ, घर आंगन न समाई ।। ५ ।। हंसि हंसि दई कर तारी कहे, धन्य रुक्मिनी माई ।। रही न कछु संबार भई तब देह पराई ।। ६ ।। सुनतही जननी कुलाहल भीतर सबै बुलाई ।। आई सबै व्रजबाल महैरि तव दई बड़ाई ।। ७ ।। तुम देखहुं प्राननाथ अति अंग अंग सुंदरताई ।। तव देख्यौ श्रीमुख जाय सबै सुंदरि सुख पाई ।। ८ ।। रूप अनूप रसाल परम मंगल सुखदाई ।। नख सिख देखौ निहारी छबि, नेनान मां न समाई ।। ९ ।। देत असीस निरखि मन फूली अंग न समाई ।। आरती वारति प्रानजु, पुनि पुनि लेत बलाई ।। १० ।। निरखत मुख आलिंगन तन त्रय ताप बुझाई ।। भूषन भेट बहु विधि, मनिमय चित्र बनाई ।। ११ ।। चिरंजीवो यह लाल कोटि जुग राज कराई ।। भक्तन जीवनप्रान काम पूरौ मनमाई ।। १२ ।। श्रीरुक्मिनी मन प्रफुल्लित, जुवति सबे निकट बुलाई ।। धनि धनि भाग्य सोहागिन कहा तुमे देहु बधाई ।। १३ ।। सारी रंग सुरंग विविध रंग चोली मगाई ।। भूषन वसन अनेक अति, व्रजनारी पहिराई ।। १४ ।। नेनन काजर आंजी, सेंदुर मांग भराई ।। रोरी मुखपर मांड़ि, कुमकुम जलसौं न्हवाई ।। १५ ।। सोंधो अरगजा मेद, सबनकै अंग लगाई ।। चंपक बकुल गुलाब कुसुमके हार धराइ ।। १६ ।। तेल फूलेल सुगंध, उवटना अंग लगाई ।। बीरी मुख भरि देत, परस्पर केलि कराई ।। १७ ।। नाचत गावत मंगल गीतजुं उमगि उमगि मिली धाई ।। धन्य धन्य भाग्य हमारौ कहै वल्लभवर पाई ।। १८ ।। तब आयै सब भक्त, भयै उन्नमत्त फिराई ।। केसर कुमकुम घोरि लै, आंगन कीच मचाई ।। १९ ।। वसन विचित्र बनायै, वे रंग सुरंग सोहाई ।। सोंधौ साख अरगजा, विविध सुगंध लगाई ।। २० ।। ताल पखावज झांझ झालरी, हाथ बजाई ।। गावत सब प्रमुदित मन मिलत कंठ लपटाई ।। २१ ।। उर आनन्द न समाये भरै रंग अंग अंग माई ।। रोम रोम रस पूरि पुलकित, तनमें न समाई ।। २२ ।। बाजत पंच सब्द अरू भेरि, मृदंग सहेनाई ।। निर्घोष निसान बजाये साज बहु संग सोहाई ।। २३ ।। ताहि दिन अगनित दान, सबे वांछित फल पाई ।। वेदधुनि अति होत, करत द्विज अंग न माई ।। २४ ।। जै जै सब्द उठत जित नित सब करत रहाई ।। धन्य धन्य मात तात तुव यह पूरन भाग्य कहाई ।। २५ ।। मागध जन जस कहेत, अनेक भांतिन जुरि आई ।। ताही दीने वसन अनेक बहोत न्यौछावरि पाई ।। २६ ।। बाल विरध नरनारि, सबै आनन्द उर न समाई ।। चहुं दिस भयौ प्रकास, प्रगटे श्रीगोकुलमनि राई ।। २७ ।। कहा बरनौं बुद्धहीन, ए रस सिंधु अथाही ।। मुख करि कह्यौ न जाई, रह्यौ मनमांझ समाई ।। २८ ।। वृन्दावन श्रीवल्लभ सबहीनको सुखदाई ।। प्रगट करखि करुनामय कीये रंक ते राई ।। २९ ।।

ભાવક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૭ કારતક વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૭ માગસર સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

ડિસેમ્બર ૨, ૨૦૧૦ થી ડિસેમ્બર ૧૬, ૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૨ - કારતક વદ	ગુરુ	ડિસેમ્બર-૨	શ્રીઉત્પત્તિ એકાદશી વ્રત. (શાસ્ત્રીય સિદ્ધાંતથી આજે વ્રત કરવું.
૧૩	શુક્ર	૩	સપ્તમ શ્રીવિઠ્ઠલરાજકુમાર શ્રીઘનશ્યામજીનો પ્રાગટ્યોત્સવ (સં.૧૬૨૮)
૧૪	શનિ	૪	
૩૦	રવિ	૫	
૧-માગસર સુદ	સોમ	૬	શ્રીમદ્ ચતુર્થ વિઠ્ઠલરાજકુમાર આદ્ય ચતુર્થપીઠાધીશ્વર શ્રીમદ્ગોકુલનાથ પ્રભુચરણનો મહોત્સવની વધાઇનો પ્રારંભ
૨	મંગળ	૭	
૩	બુધ	૮	
૪	ગુરુ	૯	વિજયા ચતુર્થી (ફતેહ ચોથ)
૫	શુક્ર	૧૦	
૬	શનિ	૧૧	ધન ધન છઠની રાત સુહાવની
૭	રવિ	૧૨	શ્રીમદ્ ચતુર્થ વિઠ્ઠલરાજકુમાર આદ્ય ચતુર્થપીઠાધીશ્વર શ્રીમદ્ગોકુલનાથ પ્રભુચરણનો (આવિર્ભાવ) મહોત્સવ (સં.૧૬૦૮) શ્રીગોકુલેશાબ્દ ૪૩૦નો પ્રારંભ
૮	સોમ	૧૩	
૮	મંગળ	૧૪	
૯	બુધ	૧૫	
૧૦	ગુરુ	૧૬	ધનુર્માસ આરંભ.

સ્નેહથી સર્વ સમયે સર્વદોષ મટતા હોવાથી, ભગવાનની સેવામાં મનના દોષો મટે છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૬.૨૮)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ-ઉત્સવ

...ગતાંકથી આગળ

સ્વરૂપ અપેક્ષિત રસ તે રસેભર્યા પાત્ર છે એ,

તેને કરું હું પ્રણામ જેમાંહે હિત માત્ર છે એ.

શ્રીગોવર્ધનનાથજીના મથુરામાંથી પાછા પધાર્યા પછી કેટલેક દિવસે શ્રીગુસાંઈજી દ્વારકાની યાત્રા કરી પાછા પધાર્યા. આમ લીલા કરતાં કરતાં શ્રીગોકુલેશ પ્રભુ ૧૬ વર્ષની યુવાવસ્થામાં આવી પહોંચ્યા હતા, અને તેથી એ અવસ્થા પ્રમાણે શ્રીગુસાંઈજીને શ્રીગોકુલપતિના વિવાહ માટે વિચાર કરવા લાગ્યા. જ્ઞાતિ વર્ગમાંથી ગણાં માગાં આવ્યાં, પણ યોગ્ય કન્યાના અભાવે થોડો સમય રાહ જોવી પડી. તે પ્રસંગ હવે જોઈએ.

એક વાત વચમાં કહેવા માંગીશ કે ગઢા પ્રસંગ પછી તરત જ વિવાહ ઉત્સવ લઈએ તો વચમાંની ૨ વરસની લીલાનું વિવરણ બાકી રહી જાય તેથી અને જો આ લીલાનું વર્ણન ન થાય તો વિવાહ ખેલ માણવાનો પણ બહુ રંગ ના જામે, તેથી ઉપરોક્ત લીલાનું વર્ણન કર્યુ છે. હવે વિવાહમાં જાનૈયા જાનડીયું થઈને વેવાઈને ઘરે જવાની ઉતાવળ બધાને થતી હશે. તો ચાલો શ્રૃંગાર સજી સજી તૈયાર થઈ જાવ. વેણાભટ્ટનો માંડવો હવે દૂર નથી. આ વિવાહ ઉત્સવનું વર્ણન કરતાં પહેલા ભક્ત કવિ ગોપાલદાસભાઈ વ્યારાવાળા જે યોગ્ય પાત્ર છે (શ્રીગોકુલેશ પ્રભુ) ને વન્દન કરે છે. અને આગળ કહે છે કે જે પ્રમાણે વિવાહ થયો છે, તે રીતે કહેવાની મારી શક્તિ નથી, તેથી મનમાં સંકોચ થાય છે, પરંતુ કહ્યાં વિના પણ રહેવાતું નથી એટલે સુચન માત્ર કરૂ છું.

જે કહેવું તે હવું ન કહેવાય તેણેથિ લાજી રહ્યું એ, પણ કહ્યાં વિના ન રહેવાય તે સમય સુચન કરૂં એ.

શ્રીગોકુલેશ પ્રભુની ઉંમર ૧૬ વર્ષની થવા આવી. શ્રીગુસાંઈજીને મનમાં વિચાર આવે છે કે હવે શ્રીવલ્લભના લગ્ન કરવા જોઈએ. સગા કુટુમ્બમાં બધાને કહ્યું છે કે શ્રીવલ્લભના માટે સુંદર કન્યા બતાવજો. પરન્તુ કોઈ એવી કન્યા દેખાતી નથી અને લગ્નમાં વિલંબ થાય છે.

કોઈ સંબંધીએ કન્યા બતારી પણ શ્રીશોભા બેટીજી તથા શ્રીગુસાંઈજી ના મનમાં ના વસી. બીજા સંબંધીએ બીજી કન્યા બતાવી પરન્તુ તે પાયા(શ્રીગોપીનાથજીના બહુજી) ને ના ગમી. ત્રીજા સંબંધીએ પણ એક કન્યા બતાવી પરન્તુ એ ઉંમરમા શ્રીદાદાજી સમાન હતી તેથી શ્રીગુસાંઈજીનું મન ના માન્યું. આમ વિલંબ થતો જાય છે. પરન્તુ જ્યારે શ્રીપ્રભુએ સ્વકીયાના રસની ઈચ્છા કરી કે તરત જ યોગ્ય સામગ્રી નજર સામે આવી છે.

શ્રીગોકુલકેરો નાથ સહુ સાથને મન વસે એ, ગુણનિધિ નાગર નિપુણ જોઈ ઉર ઉલ્લાસે એ. ૮

સુંદરતાનો નિધાન સમાન રૂપ કો નહીંએ, કોટિકામ મદહરણ સરાહું હું શું કહી એ ? ૯

મહા નવ જોબનનો દામ સહુ કામ પુરણ કરે એ, વામા તણો વશીકરણ, દુ:ખહરણ આરત હરે એ. ૧૦

સંવત સોલ ચોવિસે મહાસારનું સાર છે એ, અસાઢ વદી દિને બીજ અને ગુરુવાર છે એ. ૧૭

શ્રીગુસાંઇજીના મનમાંહે અતિશય ઉલટ ઘણોએ, શ્રીવલ્લભવરનો તે વિવાહ કીધઅ તણો એ. ૨૧

મેરે વિવાહકું કન્યા એક મિલી સોં સુંદર નહીં એ, શ્રીગુસાંઇજીકે શોભાજીકે આઇ નહીં મનમાંહી એ. ૨૫

દુસરી મીલી સો પ્રાગલ્મા પાયાકું ગમી નહીં એ, શ્રીવલ્લભ અતિ સુકુમાર ન કરીએ એસી કહીએ . ૨૬

એક મીલી સો કારણ કછુ પાયાકું ગમી નહીં એ, તાતે ભયો વિવાહકું વિલંબ શ્રીમુખે એમ કહીએ . ૨૭

શ્રીમુખે કહી છે એ વાત કન્યા દ્વિગુણો વર ભલોએ, શાસ્ત્ર સિદ્ધે જેસે કહ્યો હે તેસો હમારે મલ્યો એ. ૩૧

એક તો કન્યા આઠ વર્ષની હોય ત્યારે વર સોલ વર્ષનો બમણો હોવો જોઇએ, એ શાસ્ત્ર-વચન છે. શ્રીદાદાજીનું સર્વજીવન શાસ્ત્ર-મર્યાદાવાળું હતું, તેથી તેવી કન્યા મળે તે માટે તપાસ ચાલતી હતી. વળી બીજું કારણ એ હતું કે અત્યાર સુધી આ રસ પરછન્ન (ગુપ્ત) હતો તેથી તે રસનો અનુભવ પરકીયા ભાવથી મનથી થતો હતો. હવે આ રસ બીજ રૂપે પ્રકાશ પામ્યો ત્યારે સ્વકીયા ભાવથી વિવાહ કરવાનું પ્રભુએ વિચાર્યું. ત્યારે એક વેણાભટ્ટ નામના એક શુદ્ધ પવિત્ર તૈલંગ વૈષ્ણવ બ્રાહ્મણના ત્યાં આઠ વર્ષની પુત્રી હતી. તેના મનમાં શ્રીગોકુલેશ પ્રભુ સાથે વિવાહ કરવાનું આવ્યું. દેવરખ ગામથી (અડેલની નજીક અત્યારે તો ખંડેર છે) વેણાભટ્ટ આ સમયે સપરિવાર મથુરામાં રહેવા આવ્યા છે. ૮ વર્ષની દિકરી થઇ, પરંતુ વેણાભટ્ટને કન્યા લાયક મનમાં કોઇ મુરતીયો વસતો નથી. દરેક દીકરીના પિતાને કન્યા ઉંમર લાયક થાય ત્યારે ચિંતા થઅય, તે પ્રમાણે વેણા ભટ્ટને પણ ચિંતા થવા લાગી.

વેણોભટ્ટ કરે છે વિચાર કન્યા હું કોને આપું એ, એહવો કો ભુતલ નહીં જે કો વરે એહને એ.

ત્યાં વેણાભટ્ટની દૃષ્ટિએ શ્રીગોકુલેશ પ્રભુ થયા. દેખતા માત્ર વેણાભટ્ટના મનમાં થયું કે આની સાથે મારી પુત્રી પાર્વતીનું લગ્ન થાય તો દૂધમાં સાકર ભળે તેવો યોગ થાય.

તેણે સમય વેણો ભટ્ટ દેવરખોઆ દેવરખે થકીએ, કરવા મથુરામાંહે વાસ ને આસ એહવી તકીએ. ૩૮

ત્રટ જમુનાજીનું નિકટ ગુસાંઇજી જાણી અને એ, એ સ્થલે કરવા નિવાસ મન આશ આણી અને એ. ૩૯

એહો ઘેર કન્યા રૂપવંતી મહા અતિ સકુમાર છે એ, સુંદર ગુણ શોભા સકલનો એહ આધાર છે એ. ૪૦

સૌભાગ્ય શિરોમણિ સર્વદા પુરક કામ છે એ, પાર્વતીજીય એહવું શુભ નામ છે એ. ૪૧

વેણોભટ્ટ કરે છે વિચાર કન્યા હું આપુ કેહેને એ, એહવો કો ભૂતલ નહીં જે કો વરે એહને એ. ૪૩

તેહવે શ્રીવિઠ્ઠલકુમાર સકુમાર સોહામણો એ, સકલ ગુણાર્ણવ સુખદ જે જગત મોહામણો એ. ૪૪

રોમ રોમ રૂપ રસ ધાર અપાર વરસે ઘણીએ, ઉપમા કહેવા નહીં કોએ એહવો જે શ્રીગોકુલધણી ઓ. ૪૫

જેહ સમે વેણે ભટ્ટે દીઠા મીઠા લાગ્યા અતિ ઘણુએ, મનમાંહે હરખ ન માએ કહેવાએ ન તેહ તણંએ. ૪૬

એ કન્યા એહો ઉપયોગ સંજોગ જો એ મિલે એ, એહવું જો કરે જગદીશ પયમાંહે મિશ્રી ભલે એ. ૪૭

શ્રીવેણાભટ્ટે શ્રીગોકુલેશ પ્રભુને જોયા, મીઠા લાગ્યા. દૂધમાં સાકર ભળે તેવો યોગ થાય. પરિવારમાં બધાને વાત કરી અને વિચાર કરે છે કે માંગું કેમ કરવું? સામાન્ય રીતે વરપક્ષ માંગુ કરે તેવો નિયમ હોય છે પરંતુ હવે ફેર થયો છે. પછી પરિવારજનને મળીને નિશ્ચય કર્યો કે તેમના(શ્રીદાદાજી) મામા ગોવિન્દ ભટ્ટને મળી માંગું પુછાવીએ. આ નિર્ણયનો અમલ તરતજ કર્યો.

શુભ દિન જોઇ સહુ મલીયા ગોવિંદ ભટ્ટ તેડાવીયા એ, આદરે કરી સનમાને સનમુખ તે બેસાડીએ. ૫૧

વિનય વચન બહું કહી અને વિનંતી કરી એ, ભટ્ટજી તમને કહુ સાંભળજો ચિત્ત ધરીએ. ૫૨

તમો બડા શ્રેષ્ઠ મહા શ્રેષ્ઠ વરેષ્ટ છો અમ તણાએ, પર ઉપકાર કરીએ ગુણ હું કેમ કહું તમ તણાએ. ૫૩

બાંધવમિત્ર અમારા તમો ગુસાંઇજી સું ગમ્ય ઘણીએ, તમથી મનોરથ થાએ આસ પુરો અમ તણીએ. ૫૪

એહ હમારું કાજ તે આજતમથી થશે એ, અમને તમારો વિશ્વાસ નિશ્ચે મનમાં વશે એ. ૫૫

એહવું કહીને ભટ્ટજીને ખોલે કન્યાજી બેસાડીયાએ, શ્રીવિઠ્ઠલ સુત તણે કાજ એમ કહીઅ દેખાડીયા એ. ૫૬

શ્રીવલ્લભ કેરડે અર્થ આપું છું હું તમને એ, પ્રાણપ્રત્ય કરી કહ્યું બહુઅ, કૃપા કરો અમને એ. ૫૭

આવી વિનંતી વેણાભટ્ટે ગોવિંદ મામાને કરી. આ તો કન્યા બધી રીતે અનુકૂળ છે. પરંતૂ આવી વિનંતી સાંભળીને મધ્યસ્થી પાણી પાણી થયા વિના ના રહે. દીકરીના પિતાએ આ વિનંતી કંઠસ્થ કરી લેવાની રહે છે. આથી ગોવિંદ ભટ્ટ વેણા ભટ્ટને *આ કાર્ય કરી આપીશ* એમ કહી, શ્રીગુસાંઇજીને ત્યાં આવ્યા અને બધી વાત કરી. આથી શ્રીગુસાંઇજીએ પોતાનાં મોટા પુત્રી શ્રીશોભા બેટીજીને બોલાવી, આ વિષે તેમની સલાહ લીધી, કારણકે બીજ પત્ની શ્રીપદ્માવતી હજી લઘુ-વયનાં હતાં. શ્રીગુસાંઇજીના મનમાં વિચાર આવે છે કે કન્યા જોયા સિવાય હા ન પડાય. ગોવિંદ મામા વાત લઇને આવ્યા હોય અને શ્રીગુસાંઇજી કન્યા જોવાની વાત મૂકે તો ગોવિંદ મામા ઉપર અવિશ્વાસ આવ્યો કહેવાય. પરંતુ અહીં તો શ્રીવલ્લભના જીવનનો પ્રશ્ન છે, તેથી શ્રીગુસાંઇજી કહે છે કે કન્યા નજરે કરી પછી જવાબ આપું. કન્યાજીને શ્રીગુસાંઇજીને પોતાને ઘરે તેડાવ્યા.

સગા ઉત્તમ કુલ ઉત્તમ ઉત્તમ ઘર જેહનું એ, ગામ ઉત્તમ કન્યા ઉત્તમ હું શું કહું તેહનું એ. ૬૪

ત્યારે શ્રીગુસાંઇજી વિચારીને મનમાંહાં સુખ લહ્યું એ, કન્યા દેખું મારી દ્દષ્ટ ગોવિંદભટ્ટને એમ કહ્યું એ. ૬૬

વલતા કન્યાને પોતાને ઘેર તેડાવીઆં એ, ચંદની બ્રહ્માણી તે ખેલવા તેહની સાથે તે આવીઆં એ. ૬૭

શ્રીગુસાંઇજી તો નિરખી હરખ્યા મનમાંહાં ઘણું એ, ગુણ શીલ લક્ષણ રૂપ દીઠું તે મોહામણું એ. ૬૮

દેખતા માત્ર શ્રીગુસાંઇજીના મન પ્રસન્ન થયું. પછી આ કન્યા સાથે શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ કરવાનું વિચારી શ્રીગુસાંઇજીએ તે બાલ-કન્યાના મસ્તકે આપનો શ્રીહસ્ત ફેરવી આશીષ આપ્યો અને તેની સાડીમાં પ્રસાદ આપ્યો. વળી એક જોષીએ તો કન્યાની આકૃતિ ઉપરથી ભવિષ્ય ભાખ્યું કેઃ

કુંવરી મહાભાગ્યવાન નિદાન એહવી હશે એ, સવામણ ઉઠશે લુણ તેહો ઘેર એહ વિવાહ થશે એ. ૭૪

પછી શ્રીગુસાંઇજીએ કન્યા-વરના જન્માક્ષર જોવડાવ્યા. રઘુનાથ પંડ્યા નામના જોષીએ તે જોઇને કહ્યું કે વીસવસા આ બન્નેનો જોગ છે માટે ખુશીથી વિવાહ કરો.

સુણીએ શ્રીમહારાજ એ જોગ ઉત્તમ ઘણુ એ, ક્યાંહાં લગી વિસદ કહેવાય તે કારણ એહ તણું એ. ૮૨

વરસ ગ્રહ મંત્ર બહુપેરે મલે છે વિશે વિશાએ, અદભૂત એહ સંજોગ પ્રતિક્ષણુ ચઢતી દિશાએ. ૮૩

ક્યાંય ન્યુનતા નથી. વિસે વિસા મેળ મળે છે. બધાને આનંદ થયો. આથી શ્રીગુસાંઇજીએ તે પંડ્યા જોષીને વેણા ભટ્ટને ઘેર મોકલ્યા. વેણા ભટ્ટ તો આ વિવાહ માટે આતુર હતા જ. તે જગતમંગલ જગદીશ પ્રભુને પ્રાર્થના કરી રહ્યા હતા. ત્યાં રઘુનાથ ભટ્ટે કહ્યું કે:-

જોતસીએ ત્યાંહાં જઇયને વેણાભટ્ટને કહ્યું એ, સર્વમિલાપ ઉત્તમ મલ્યો હે મનમાંહાં ગહ્યું એ. ૯૮

લગ્નવિચારી પઠવશે પાછલ થકી શુભ દિને એ, વેણો ભટ્ટ એહ સુણીને રીઝ્યા તે પોતે મન એ. ૯૯

આ પ્રમાણે જોષીજી શ્રીવેણાભટ્ટજીની પ્રસન્નતાપૂર્વક સંમતિ મેળવી પાછા શ્રીગુસાંઇજી પાસે આવ્યા અને સર્વ વાત કહી. તેથી શ્રીગુસાંઇજીએ પ્રસન્ન થયા અને જોષીજીને ઉચિત દક્ષિણા આપીને વિદાય કર્યા. પછી થોડા સમય બાદ આ રઘુનાથ પંડ્યાને લગ્ન જોવા બોલાવ્યા. અને તેણે લગ્ન જોવાની વિધિ શરૂ કરી.

સંવત સોલ-ચોવીસે મંગલપ્રદ સાર છે એ, અષાઢ માસે કૃષ્ણ પક્ષે દ્વિતીયા ગુરુવાર છે એ. ૧૧૩

દીવાલગ્ન ઉદ્યાત ઘટી એક કેરે સમે એ, મિથુન લગ્ન નિરધાર્યું તે સહુ કેહેને ગમે એ. ૧૧૫

ત્યારબાદ પ્રભુના વિવાહનું નક્કી થયું. અને લગ્નની એનેકવિધ તૈયારીઓ થવા લાગી. પંડ્યાજીના આપ્યા પ્રમાણે મુહૂર્ત સાધી, હલદી ખાંડવાથી માંડી અનેક કાર્ય થવા લાગ્યાં અને વેણા ભટ્ટને આ લગ્નના મુહુર્તની ખબર આપી. વેણા ભટ્ટે લગ્ન વધાવી લિધું. હવે વિવાહનાં ગાણા ઉભય પક્ષે ગવાવા લાગ્યાં. અનેક તૈયારીઓ થવા લાગી. ત્રિભુવનનો નાથ પરણે છે, શું કહેવાનું હોય?

પદ્માવતીજીય વરનીય માતાજી, બેહેન જમુનાજી અતિ સુખદાતા જી

મામી ગંગા અતિ ગુણભરીય જી, માસી ગોપદેવી હિત ધરીયાજી,

એ ચારે જણાં માંગલ્ય માંડે જી, ગાન કરતાં હલદી ખાંડે જી.

તેમાં જ્ઞાતિની સ્ત્રિઓ બોલાવાથી આવી અને તે પણ ગાણા ગાવા લાગી. પછી પાંચ સોહાસણી લઇ માટી લેવા ગયાં. તે લાવી કુલદેવતાના સ્થાપન માટે સિંઘાસનની ચોતરી કરી. વાજીંત્ર વાગવા લાગ્યાં અને જ્ઞાતિ રિવાજ મુજબ વસ્તુઓ મોકલવા માંડી. પછી હલદી કંકુ નાડાછડી વગેરે શુભ વસ્તુઓની યાદી કરી શ્રીગુસાંઇજીએ ચાંપાભાઇને બોલાવ્યા અને અનાજ-ઘી-ખાંડ-તેલ ઝવેરાત–વસ્ત્રોથી માંડી સર્વ વસ્તુ ભંડારમાં લાવવા આજ્ઞા આપી. તેથી ચાંપાભાઇ આગ્રા ગયા. ત્યાં જઇ કર્ણાટક, દક્ષિણ, અમદાવાદ, ખંભાત, પાટણ, તાપીપોર, મોરબી, જામનગર તથા દેશ પરદેશનાં વિવિધ પ્રકારનાં ઘણાં ઉત્તમ વસ્ત્રો તેમણે ખરીદ્યાં અને સાથે સાથે બીજા મંગલકાજની વસ્તુઓ પણ ખરીધી. કુમકુમ, કેસર, કસ્તુરી, બરાસ, તેલ, ફૂલેલ, જવાદ, જાવદ, મણિ મોતિ, હીરા વગેરે અનેક સામગ્રી ભંડારમાં ખરીદી કરવામાં આવી.

પછી ચાંપાભાઇ આગ્રાથી સૌ ઉત્તમ વસ્તુ લઇ મથુરા આવ્યા. એ સર્વ વસ્તુઓ જોઇનએ શ્રીગુસાંઇજી ચાંપાભાઇ ઉપર ઘણા પ્રસન્ન થયા. કન્યાને બોલાવી આભૂષણ ઘડાવવા માટે માપ લેવાયાં, ને સોની તેડાવ્યા. સોનીને પણ હરખ મા'તો નથી. અને આભૂષણ તૈયાર થવા લાગ્યા, તીનમનીયા, ટીકો, મંગલસુત્ર, દુલરી, મોતીની માલા, તીલરી સોનાની માળા, જડાવની

માલા, છુટી લરની મોતી માલા અને ચીતા કચકણી વગેરે ડોકના આભૂષણ થયા છે. હવે ઉરના આભરણ જેવા કે ચંપકલી, ચંદ્રહાર, ઉરવસી, મોતી માલા, લટકણીની માલા વગેરે હૃદયના આભૂષણ તૈયાર થયા છે. આ ઉપરાંત મોહન માલા, અને મુક્તાનો હાર તો ખરાજ. આ પ્રમાણે શ્રીહસ્તના, કર્ણના, નાસિકાના, શ્રીચરણના, વગેરે અસંખ્ય આભુષણ થયા છે.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાકસુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું પચ્ચિસમાં નામ **जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्**[२५] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ વલ્લભાખ્ય આ નામની પ્રતીતિ થાય છે. **जनो वै लोक एतस्मिन् (१०.२८.१२), प्रविष्टम् उदकम् निशि (१०.२८.२), अपि नः स्वगतिं सूक्ष्मां (१०.२८.१०), आनीतोऽयं तव पिता (१०.२८.७), कृष्णे च सन्नतिं तेषां (१०.२८.१०), एवं प्रसादितः कृष्णः (१०.२८.८), यत्पादभाजो भगवन् (१०.२८.५), तद् भवान् क्षन्तुम् अर्हति (१०.२८.७), कृपयैतद् अचिन्तयत् (१०.२८.११)**

શ્રીગુસાંઈજી દ્વારા પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો. આપશ્રી સ્વયં સેવા કરી શ્રીહરિ-ભક્તિ પક્ષ વૈભવ સુદ્રઢ કરનાર છો, તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું પચ્ચિસમું નામ **जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्**[२५] પ્રગટ કર્યું.

સ્વકીયજનોને ભક્તિના સાધનો બતાવવા માટે શ્રીઆચાર્યજી સ્વયં ભક્તિનું આધિદૈવિક સ્વરૂપ હોવા છતાં સાધનોનું આચરણ કરે છે, કારણકે ભક્તિ વિના જીવોનું સ્થાયી હિત બની ન શકે, અને તેથી જે રીતે ભક્તિ દઢ થાય તેવી શિક્ષા આપે છે. પુષ્ટિમાર્ગીય ભક્તોને વ્રજસીમન્તિનીઓની સ્નેહમયી ભક્તિ સરળતાથી પ્રાપ્ત બને એટલા માટે ભક્તિમાર્ગીય સેવાક્રમના સાધનો આપ કરો છો, અને તે દ્વારા નિજજનોને શીખવાડે છે. દામોદરદાસ સંભાલવાળાને કનોજમાં તેમને ઘેર રહી આપશ્રીએ શ્રીપ્રભુની સેવા સ્વયં કરી સેવાની રીત શીખવાડી. (આપ સેવા કરી શીખવે શ્રીહરિ ભક્તિ પક્ષ વૈભવ સુદઢ કીધો–વલ્લભાખ્યાન)

જોકે પુરાણ-આગમમાં સેવા પ્રકાર કહેલો છે, પરંતુ ત્યાં તો પૂજામાર્ગની રીતિથી શ્રીપૂર્ણપુરૂષોત્તમના અંશ વિભૂતિની સેવાનો પ્રકાર કહેલો છે. તે કયા પ્રકારે ? જે ત્યાં જે દેવતા છે તે તો મંત્રને આધિન છે. અને પૂર્ણ પુરૂષોત્તમ તો મંત્રને આધિન નથી, માત્ર ભક્તિને આધિન છે. તેથી જ તે શાસ્ત્રોમાં શ્રીપૂર્ણપુરૂષોત્તમની સેવાનો પ્રકાર નથી કહેલો. તેથી જો શ્રીમહાપ્રભુજી આપ સેવા કરીને પુષ્ટિભક્તિમાર્ગીય સેવાનો પ્રકાર ન શીખવાડે તો સેવકોને પુષ્ટિમાર્ગની સેવાનું જ્ઞાન થાત નહિં. ત્યારે સેવકો પૂજામાર્ગની રીતિથી સેવા કરત, ત્યારે 'પુષ્ટિમાર્ગીય' ન કહેવાત, પૂજામાર્ગીય થઇ જાત. તેથી જ આપે સેવા કરીને બતાવી, અને પૂજામાર્ગથી ત્યારે અલગ રીતિ બતાવી. તેનો પ્રકાર સેવકોને બતાવ્યો ત્યારે પુષ્ટિમાર્ગીય થયા છે. તો આ બતાવવા માટે આ નામ કહ્યું. પણ હવે કોઇ એવી શંકા કરે છે કે આપ સેવા દ્વારા બધાને શીખવ્યું તો એમાં આપનું શું પ્રયોજન હતું ? આવી શંકા જ્યારે કોઇ કરે છે ત્યારે શ્રીગુંસાઈજી હવે શ્રીમહાપ્રભુજીનું આગળનું છવીસમું નામ પ્રગટ કરે છે **निखिलेष्टदः**[२६].

वैश्वानरो[२१] वल्लभाख्यः[२२] सद्रूपो[२३] हितकृत्-सताम्[२४] ।।

जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्[२५] निखिलेष्टदः[२६] ।। १२ ।।

ભાવાર્થ :- [૨૧]શ્રીમહાપ્રભુજી આપ વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) છો, [૨૨]ભક્તોને પ્રિય છો, [૨૩]સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છો, [૨૪]સર્વે ભક્તોના હિત કરવાવાળા છો, [૨૫]આપ સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે, [૨૬]સકલ ઈષ્ટ-વાંછિત દેવાવાળા છે.

निखिलेष्टदः[२६] :- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) [૨૬]સકલ ઈષ્ટ-વાંછિત દેવાવાળા છે.

રાગ : બિભાસ

'નિખિલેષ્ટદ' નામહિ સુનત સુખ ઉપજત । મન સુભગ મૂરતિ નિરખિ મેરે નૈન સિરાઊં ।।
શ્રીવલ્લભ મહાઉદાર શરનાગત રક્ષપાલ । મહિમા અપાર જાનિ સદા સીસ નાઊં ।। ૧ ।।
દુર્લભ દરસ દિયો મોહિ વિનતી કહા કરૌં તોહી । પર્યો રહ્યોં તિહારી પૌરિ નિસિ-દિન ગુન ગાઊં ।।
ઔર સબૈ છાંડી દેહું સર્વ જિય જાનિ મેરે જિયમેં લાઊં ।। ૨ ।।
તિહારે ગુન સુનૌં સુનાઊં અસત્સંગ વિરમાઊં । અસદાલાપ અન્યાશ્રય ઔર સબૈ બિસરાઊં ।।
તિહારી બાત સબૈ સુહાત ઔર વિષ સી । લાગત ઔર કહા કહૂં બેર-બેર લજાઊં ।। ૩ ।।
રંક દીન જાનિ પ્રભુ કલિયુગમેં કૃપા કીનિ । અબ ઇતનોં ચાહત 'ગોવિન્દ' તિહારો દાસ કહાઊં ।।
તીન ભુવનમેં તુમ સમાન દૂજૌ કોઉ આવત નાહીં । નિજ્જન-હિત જાનિ દેહુ ચરન-રેનુ પાઊં ।। ૪ ।।

મૂળ ટીકાનો ભાવાર્થ :- પોતાના (સેવકોને) પોતાના માર્ગના ભજનનો બોધ કરવા પોતાને આટલું કરવાનું શું પ્રયોજન ? એની શંકા દૂર કરવા '**निखिलेष्टदः**[२६]' એ નામ કહેલું છે. 'નિખિલ' એટલે પોતાના માર્ગનું બધું 'ઈષ્ટ' ભગવાનના સ્વરૂપના સંબંધવાળું જે ઇચ્છેલું હોય, તે સર્વ 'દ' આપનારા શ્રીઆચાર્ય છે. જો પોતે આટલું કરીને પોતાના સેવકોને પોતાના માર્ગનું ભજન શીખવાડે નહિ, તો પોતાના માર્ગમાં ભજન જ મુખ્ય હોવાથી, પોતાના સેવકોને તેનું જ્ઞાન ન હોવાથી 'બધું આપનારપણું' જ ન હોય. તેથી '**निखिलेष्टदः**[२६]' એ નામ કહેલું છે.

<u>સરળ સમજૂતિ</u> :- પ્રત્યેક સેવકને શરણે લીધા બાદ લૌકિક-અલૌકિક ભગવદ્ સંબંધી નાનામાં નાની પ્રાપ્તિથી આરંભી સદેહે નિત્યલીલા પ્રાપ્તિ પર્યંતનું નિખિલ ઈષ્ટ શ્રીઆચાર્યજી દાન કરે છે. શ્રીમહાપ્રભુ દામોદરદાસ સંભાલવાળાની દાસીને શ્રીયમુનાજીમાં પધરાવી સદેહે નિત્યલીલામાં પ્રવેશ કરાવ્યો.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી [૨૬]સકલ ઈષ્ટ-વાંછિત દેવાવાળા **निखिलेष्टदः**[૨૬] છો.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

<u>સ્વરૂપનિષ્ઠા</u>

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

સંગોજીભાઇ

આ સંગોજીભાઇ ગુજરાતના શેરડા ગામના વતની હતા અને રજપૂત જ્ઞાતિના હતા અને શ્રીગોકુલેશ પ્રભુના સેવક હતા. તેઓ એક વખત પોતાના ઘરની બહાર ઓટલા ઉપર બેઠા હતા. તે સમયે એક સોદાગર ઘોડા ઉપર બેસીને તેમની આગળ થઈને પસાર થયો. સોદાગરના આ ઉમદા ઘોડાને જોઇ સંગોજીભાઈના મનમાં પોતાના પ્રાણપ્રેષ્ઠ શ્રીગોકુલેશ પ્રભુના સુખનો વિચાર આવ્યો. સોદાગરનો ઘોડો ચપળ અને સર્વસદ્‌ગુણસંપન્ન હતો.

સંગોજીભાઈના મનમાં વિચાર આવ્યો કે આ ઘોડો તો શ્રીગોકુલેશ પ્રભુના સુખ અને સેવા અર્થે જ છે. તેમણે સોદાગરને રોક્યો અને ઘોડો વેચાતો માગ્યો પરંતુ સોદાગરે ઘોડો આપવાની ના પાડી એટલે સંગોજીભાઇએ બળપૂર્વક સોદાગર પાસેથી ઘોડો છીનવી લીધો અને ઘોડાને લઇ તત્કાલ શ્રીગોકુલ ચાલ્યા. શ્રીગોકુલ આવી શ્રીગોકુલેશ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ઘોડો ભેટ કર્યો. આવા ચપળ, ચાલાક અને ગુણવાન ઘોડાને જોઇ કૃપાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુ અતિ પ્રસન્ન થયા અને સંગોજીભાઈની સેવા અંગીકાર કરી. ઘોડાનું નામ 'નયનસુખ' રાખ્યું. સંગોજીભાઈનું સાહસ, ધૈર્ય અને હૃદયનો ભાવ જોઇ શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીમુખે તેમની સરાહના કરી અને સદાને માટે પોતાની સેવામાં નિકટ રાખ્યાં.

સંગોજીભાઇએ પોતાનું તન-મન-ધન સર્વસ્વ શ્રીગોકુલપતિના શ્રીચરણોમાં સમર્પિત કરી સદાને માટે શ્રીગોકુલમાં જ વાસ કર્યો. આવા સ્વરૂપાસક્ત અને અનન્યાશ્રિત ભગવદીયના ભાવની કેટલી પ્રશંસા કરવી ?

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

...ગતાંકથી આગળ

એવા પ્રભુની ભક્તિમાં, અધિકારી વ્રજજન; હરિચરણે સોંપી રહ્યાં, જે તન મન તે ધન. ૫૫

પ્રબલ પ્રીત દિન દિન અધિક, જોડ્યા પ્રિયસૂં પ્રાણ; લોક વેદ મર્યાદનું, છૂટ્યું અનુસંધાન. ૫૬

દેહ દશા ભૂલી ગયાં, પતિ સુત ગૃહ કુલ લાજ; અનુરાગે એવાં થયાં, છૂટ્યાં ઘરનાં કાજ. ૫૭

એવા ભોક્તા છે, તે રસાત્મક પ્રભુની ભક્તિમાં મુખ્ય અધિકારી વ્રજભક્તો છે. તેઓએ પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પી દીધું છે. માટે તો પુષ્ટિમાર્ગનાં ગુરૂ તરીકે તેમને સ્વીકારવામાં આવે છે. 'સેવા રીતિ-પ્રીતિ વ્રજજનકી, જનહિત જગ પ્રગટાઈ', એ કીર્તન પંક્તિમાં આ જ છે 'વ્રજજનોની પ્રીત એ જ સેવાની રીત, શ્રીવલ્લભે નિજજનોના હિત માટે પ્રગટ કરી. આ વ્રજભક્તોની પ્રીતિ ઘણી પ્રબળ છે. અધિક અધિક થતી જાય છે, કાયમ વૃદ્ધિ પામે છે. પ્રિયતમ નંદલાલ શ્રીગોકુલપતિ સાથે એમનાં પ્રાણ જોડાઈ ગયા છે. લોક-લાજ, વેદ-મર્યાદાનું ભાન રહેતું નથી. રાસક્ષેત્રમાં પ્રભુ જ્યારે પધારીને બંસીની ધ્વનિ પ્રગટ કરી, ત્યારે આ વ્રજસ્વામિનીઓને દેહનું ભાન પણ ન રહ્યું. પતિ, પુત્ર, ઘર, કુળની લાજ-લજ્જા કશાનું ભાન ન રહ્યું. જે જે કાર્ય કરતાં હતાં ત તત્ક્ષણ અટકી ગયાં એવો અગાધ પ્રેમ પ્રગટ થયો. જેમ કીર્તનમાં આવે છે 'ગોપી પ્રેમકી ધજા'. ૫૫-૫૭

કરી કૃષ્ણ સેવા તણી, કૃતિ સઘળી હરિ હેત; પ્રેમ-પગ્યાં છાક્યાં છળ્યાં, ભક્તિ સિંધુનાં સેત. ૫૮

વિહ્વલ થયાં, વિકલ થયાં, સોંપી મન વચ કાય; રસમાં લુબ્ધ બની ગયાં, વશ કીધા વ્રજરાય. ૫૯

કોટિ મનોરથ ભાવના, કરે વ્રજ વધૂ વૃંદ; કેલિ કલા રસ રીતથી, સેવ્યા ગોકુલચંદ. ૬૦

નિત્ય પ્રતિ શ્રીવ્રજભક્તો શ્રીહરિનું સુખ વિચારીને જ બધું કરતાં. એ જ એમની સેવાકૃતિ. પ્રેમમાં મગ્ન અને મસ્ત હતાં. ભક્તિરૂપી સાગરનો જાણે પૂલ ન હોય! (પૂલ ઉપર ચાલીને જેમ સામે પાર જવાય તેમ વ્રજભક્તોને અનુસરતાંભક્તિ રસના સાગરનો પાર પમાય). *વ્રજભક્તોમાં દરેક પ્રકારના સજીવ ભક્તો હતા. તે નિ:સાધન, સાત્વિક, રાજસ, અને તામસ પણ જીવો હતાં. જેમકે જ્યારે પ્રભુ ગૌચારણ માટે વનમાં પધારતાં તે સમયે દિવસે તાપ ન લાગે તે સુખ વિચારી વાદળો સૂર્યની સામે આવતાં, વન-લતાઓ હળવેથી પવનની લહેરો વહેવડાવતી. લીલું છમ્મ ઘાસ માર્ગને કોમળ કરી દેતા, હરણીઓ પ્રભુની તરફ પ્રણયથી દ્રષ્ટિ કરતાં, અને જ્યારે પ્રભુ તેમના તરફ દ્રષ્ટિ ફેંકતાં ત્યારે પ્રભુને પણ અત્યંત આનંદ આવતો, આવું કરીને પણ ભક્તો પોતાના પ્રાણપ્રેષ્ઠની સેવા કરતાં. (સેવા કોઈ આજકાલની પારિભાષિક અર્થમાં નથી, પણ જેવી રીતે પ્રભુને સુખ થાય, તેવી કૃતિ પ્રભુના સુખાર્થે કરવી, તે સેવા છે).* આ વ્રજભક્તો પોતાના પ્રાણપ્રેષ્ઠના સંયોગમાં સેવા કરતાં વિયોગમાં વિહ્વલ અને વિકળ થઈ જતાં. મન, વાની, ક્રિયા બધું જ ભગવન્મય બની જતું. તેઓ રસ પરવશ થઈ જતાં; સર્વભોક્તા પ્રભુ એમને વશ બની જતા. આ વ્રજભક્તો મનના ભાવને અનુસરતા, કોટિ કોટિ મનોરથ કરતા; કેલિ કલામાં નિપુણ હતાં, રસ રીતિથી રમણ સુખ આપીને રસિક પ્રભુને રીઝવતાં. ૫૮-૬૦

કુંજ ભવન રમણીય સ્થલ, નાના કેલિ વિહાર; નિજ નિજ મનના ભાવસૂં, રસ શૃંગાર પ્રકાર. ૬૧

કોટિ ચાતુરી આતુરી, માધુરી રસની રેલ; રેલાવી, વ્રજ વિસ્તરી, પુષ્ટિ ભક્તિની વેલ. ૬૨

જે જે વ્રજજનની ક્રિયા, તે જ ભક્તિનું મૂળ; એવી હરિ સેવા કરી, કૃષ્ણ કરો અનુકૂળ. ૬૩

થાશે શ્રીવલ્લભ તણા, કૃપા પાત્ર જે જન; તેને એ જ રીતે થશે, ભક્તિ ઉર ઉત્પન્ન. ૬૪

બીજે એ ફળ પામવા, કરશે કોટિ ઉપાય; શ્રીવલ્લભના શરણ વિણ, કયમ કરી સિદ્ધ ન થાય. ૬૫

કુંજ ભવન જેવાં મનોહર સંકેત સ્થળોમાં એકાન્તિક રસ વહિાર વિવિધ પ્રકારે કરતાં. દરેક વ્રજભક્તો પોત-પોતાના મનના વિશિષ્ટ ભાવ અનુસાર શ્રૃંગાર રસાત્મક પ્રકારે અપનાવતાં. આમ રસ વૈવિધ્યથી શ્રીગોકુલપતિને સુખ આપતાં હતાં. આ વ્રજભક્તો પણ ચતુર શિરોમણિ હતાં. અનેકાનેક ચતુરાઇઓ કરીને પ્રભુને મળતાં અને રીઝવતાં. પ્રભુના દર્શન માટે એમને ભારે આતુરતા (આરતિ) રહેતી. એમણે વ્રજમાં જાણે મધુર રસની રેલ રેલાવી દીધી! *આ રીતે સારસ્વતકલ્પમાં પુષ્ટિભક્તિરૂપી વેલિનો વિસ્તાર થવા લાગ્યો. (શ્રીવલ્લભના પ્રાગટ્ય પછી તો એ વેલિથી લતા મંડપો છવાઈ ગયા અને પુષ્ટિ ભક્તોને એની સુખદ શીતળ છાયા પ્રાપ્ત થઈ).* ૬૨ હે પુષ્ટિ ભક્તો! વ્રજભક્તોએ જે કંઇ કર્યું, જે રીતે કર્યું, તે રીતે આપણે પણ કરીએ. એ જ પુષ્ટિ સેવાની રીત છે. તે જ ભક્તિનું મૂળ છે. એ મૂળને પકડીશું તો જ શ્રીગોકુલપતિ અનુકૂળ થઇ જશે-કૃપા કરશે. *જેમ પંચશ્લોકી ગ્રંથના પાંચ શ્લોકોમાં શરૂઆતના સાડાત્રણ શ્લોકોમાં પુષ્ટિભક્તિ સમ્બન્ધિ ઉપદેશ છે, જ્યારે બાકીના દોઢ શ્લોકોમાં શરણાગતિના છ અંગનો ઉપદેશ છે.*

અનુકૂલસ્ય સંકલ્પ[૧]: પ્રતિકૂલસ્ય વર્જનમ્[૨]
કરિષ્યતીતિ વિશ્વાસ[૩]: ભર્તૃત્વે વરણં[૪]
આત્મનૈવેદ્ય[૫]-કાર્પણ્યે[૬] ષડ્વિધા શરણાગતિઃ ।।

તેવી રીતે આ વ્રજભક્તોએ પ્રભુને અનુકૂલ થવાનો સંકલ્પ સેવ્યો, જે પ્રતિકુલ હતું, તે સર્વનું વર્જન કર્યું. પ્રભુમાં અગાઢ વિશ્વાસ, અને એજ વરણને પાત્ર છે. શ્રીપ્રભુને સર્વેશ્વર, પરબ્રહ્મ, ભગવાન્, માનવાથી અન્ય દેવી-દેવતાઓ શ્રીપ્રભુનાં અંગરૂપ હોવાથી આશ્રય તો મુખ્ય એકમાત્ર શ્રીગોકુલપતિનો જ લેવાની વૃત્તિ રાખવી જોઇએ. એજ શ્રીગોકુલપતિને પોતાનું આત્મનિવેદનકરવું, અને દીનતા સહ...આ સર્વે વ્રજભક્તોએ પ્રાપ્ત કરી, શ્રીગોકુલપતિનું શરણાગત પ્રાપ્ત કર્યું.

પરંતુ, આ બધામાં શ્રીવલ્લભની કૃપા પહેલી જોઇએ. આપના અનુગ્રહ થી જ આવો રસાત્મક ભક્તિભાવ હૃદયમાં ઉત્પન્ન થશે. બીજાઓ ભલે અનેક સાધનો કરે, પરંતુ શ્રીવલ્લભના શરણ અને કૃપાની સહાયતા વિના, આવી સર્વોત્કૃષ્ટ પ્રેમલક્ષણા ભક્તિ, શુદ્ધ સ્વરૂપમાં કદાપિ સિદ્ધ થતી નથી. *જેમ નરસિંહ મહેતા પ્રેમ ભક્તિના સાધક હતા. છતાં લૌકિક કાર્યો માટે એમણે ભગવાનને શ્રમ આપ્યો. ત્યાં પુષ્ટિભક્તિ રહેતી નથી. મીરાબાઈ પ્રેમ લક્ષણાની ઉપાસક હતી. છતાં ભગવાનને ઝેરનો પ્યાલો ધર્યો. પુષ્ટિભક્ત પ્રાણાન્તે પણ આવું કાર્ય કરે નહિં. ફલમાં પણ એને સાયુજ્ય મુક્તિ જ પ્રાપ્ત થઈ. શ્રીવલ્લભના શરણ વિના બધું જ અધુરૂં છે. ૬૧-૬૫*

...ક્રમશઃ

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

હવે ગોપાલદાસભાઇ વ્યારાવાળા લૌકિક આસક્તિની બાધકતા બતાવવા આગળ વર્ણન કરે છે:

સુરતિકીયે એ રોમ રોમ સચુ પૈયત હે, સુરતિ કે માન લીએ દુઃખ પરહરીએ;
રંચ એક સન્મુખતામેં હિત જાન લેત, હિત કરી સુખ કે સમુદ્ર પાર કરીએ;
માનસકી પ્રીત કૈસી મનકી ન જાને બાત, મનકી ન જાને બાત તાસોં કહા પચિ મરિયે;
યહ જીય જાન સમજાઉં તોકું વારંવાર, પ્રીતિ કરિએ તો ગોકુલેશજીસોં કરિયે. ૮

શ્રીગોકુલેશ પ્રભુનું ચિંતન સ્વરૂપની સુરતિ થતાં જ રૂંવાડે રૂંવાડે આનંદ પ્રસરે છે અને દુઃખની નિવૃત્તિ થાય છે, જેમ દીવો પ્રગટાવતાં જ અંધકારની નિવૃત્તિ થઇ જાય છે. તેમ જ અપ્રાકૃત સ્વરૂપનું ધ્યાન કરતાં જ વિરહજનિત દુઃખ તુરત જ દૂર તઇ જાય છે. જેમનું ધ્યાન કરવાથી જ્યારે આ પ્રમાણે સુખાનુભૂતિ થાય છે તો સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન પ્રાપ્ત થાય ત્યારે શું સ્થિતિ થાય? પ્રભુનું સ્વરૂપ જેવું અથાહ સૌંદર્યથી યુક્ત છે તેવું જ અલૌકિક ગુણવાળું પણ છે. રંચક એટલે અલ્પ સન્મુખતાને ઘણી માની લે છે. જેમના પ્રત્યે હૃદયનો શુદ્ધ સ્નેહ હોય તેમનું કરેલું થોડું પણ વધું લાગે છે. પ્રભુનો પોતાના અનન્ય ભક્તો પ્રત્યે સહજ હેત (પ્રેમ) હોય છે. એ પ્રભુ પ્રત્યે સહજ સ્નેહ રાખીને સુખના સમુદ્રને પાર કરવું. આવો શુદ્ધ સ્નેહ અને ઉત્કટ પ્રેમ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી દર્શનની યોગ્યતા ન થાય. લીલાનું ધ્યાન યા ગુણગાનથી પણ એ સ્વરૂપને રીઝાવી ન શકાય. જેમના વિના એક ક્ષણ પણ દૂર રહેવું પડે તો એ એક યુગ જેવી લાગે.

આવું તો સ્નેહની પરાકાષ્ઠા વિના ન સંભવી શકે. આવા સ્નેહનો હૃદયમાં અનન્ય નિષ્ઠાને પરિણામે ઉદ્ભવ થાય છે. પછી પોતાની સર્વેન્દ્રિયોનો નિવાસ એ સ્વરૂપમાં જ હોય છે. આવી શુદ્ધ સ્નેહની સ્થિતિ છે તો હૃદયમાં આરતિ સહિત ઉપર બતાવ્યા પ્રમાણે સન્મુખ થઇ અને આ દાન પ્રાપ્ત કરો. શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુના ૧૦૮નામોમાં '**अदेयदान दक्षश्च**' કોઇ ન આપી શકે એવું દાન કરનાર-એમ કહ્યું છે. તેમ અહીં 'જે દાન પ્રાપ્ત કરો' એમ કહ્યું છે. એ દાન પણ અદેયદાન છે. સાક્ષાત્ સ્વરૂપને જાણવાની અને માણવાની યોગ્યતા પ્રાપ્ત થાય. એ દાન શ્રીગોકુલપતિ વિના કોણ આપી શકે! એ સ્વરૂપને પ્રસન્ન કરવાની યોગ્યતાનું દાન પોતાના પ્રાણોનું નિવેદન અથવા સન્મુખ કરીને પ્રાપ્ત કરો. અર્થાત્ પ્રભુ તો એ દાન દેવા સદા તત્પર છે. કેવલ ભક્તની વિનંતી અને એ પણ આરતિ પૂર્વકની હોવી જોઇએ. એમ ગોપાલદાસભાઇ વ્યારાવાળાનું કથન છે.

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી (રાજકોટ).

।। કૃષ્ણરાય કૃત અથનામરત્નમાલાવલિ: લિખ્યતે ।।

મહાનુભાવ ભક્ત-કવિઓ દ્વારા રચિત, સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણોના સ્વરૂપ-મહાત્મ્ય વિષયક જે સાહિત્ય હાલમાં ઉપલબ્ધ છે, તે સાહિત્ય પ્રાચીન લેખીયાઓ (હસ્તલિખિત ગ્રન્થ લખનારાઓ) દ્વારા લખેલ ગદ્ય અને પદ્યના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તે સાહિત્યમાંથી અમુક સ્તોત્ર વિગેરે સંસ્કૃત ભાષા વિજ્ઞાન-છન્દશાસ્ત્રના નિયમોના આધારે નિબદ્ધ થયેલ નથી. પાઠક-મિત્રોને નોંધ લેવી કે એવો અનુમાન છે કે સ્તોત્રમાં ભાષા સમ્બન્ધી ત્રુટિ પ્રાચીન લેખિયોઓની હોઇ શકે...સ્તોત્ર રચનાકાર મહાનુભાવ ભક્તિ કવિઓની નહી !

नत्वा श्रीवल्लभाचार्यान्नौमि श्रीविट्ठलं प्रभुम् । ततः श्रीवल्लभं स्तौमि तन्नामाष्टशतोदितैः ।। १ ।।
ऋषिर्निरूपितश्चात्र श्रीविट्ठलेशात्मजासूतः । छंदोऽपि च तथाऽनुष्टुब्देवता गोकुलेश्वरः ।। २ ।।
माहाकारुणिकधीशो बीजं चात्र निरूप्यते । विनियोगो भक्तियोगो सिद्धिः स्वप्रबुसंगमः ।। ३ ।।
[१]श्रीवल्लभाचार्यरूपः [२]श्रीमद्विट्ठलनंदनः । [३]श्रीवल्लभः [४]सदानंदः [५]सच्चिदानंदविग्रहः ।। ४ ।।
[६]रुक्मिणीनन्दनः [७]श्रीमान् [८]पार्वतीप्राणवल्लभः । [९]सर्वसद्गुणसम्पन्नः [१०]पुत्रविट्ठलराययुक् ।। ५ ।।
[११]पौत्र गोवर्द्धनेशाढ्यः [१२]तदतिप्रीतिकारकः । [१३]सङ्लालितव्रजपतिर् [१४]व्रजाधीशेक्षणोत्सुकः ।। ६ ।।
[१५]पुत्रपौत्रप्रपौत्रादिसमस्तकुलमोदितं(कः) । [१६]भूयो निजकुलाधारः [१७]सर्वस्वकुलपोषकः ।। ७ ।।
[१८]निजाश्रिताखिलज्ञातिप्रीतिपूर्वकपालकः । [१९]याचनोचितसंप्राप्तप्राणिमात्रप्रपोषकः ।। ८ ।।
[२०]सर्वाधारो [२१]महोदारः [२२]सदादानप्रवाहवान् । [२३]संप्राप्तपण्डितव्रातमानपूर्वकदानकृत् ।। ९ ।।
[२४]गोकुलावासकर्ता च [२५]भूयो गोवर्द्धने स्थितः [२६]गोस्वामी [२७]गोकुलाधीशो [२८]गोप्रियो [२९]गोकुलेश्वरः ।। १० ।।

શ્રીવલ્લભાચાર્યને નમન કરીને શ્રીવિઠ્ઠલપ્રભુને નમું છું, પછી શ્રીવલ્લભની તેમનાં પ્રસિદ્ધ ૧૦૮ નામથી સ્તુતિ કરૂં છું. અહીં ઋષિ શ્રીવિઠ્ઠલેશ્વરની પુત્રીના પુત્રને કહેલા છે તેમ જ છંદ પણ અનુષ્ટુપ્ છે અને દેવતા શ્રીગોકુલેશ્વર છે. માહાકારુણિકાધીશને અહિં બીજ કહેલા છે, ભક્તિયોગમાં (આ નામાવલિનો) વિનિયોગ છે અને સ્વપ્રભુનો સંગમ એ સિદ્ધિ છે. ૧-૩

[૧]શ્રીવલ્લભાચાર્યરૂપ, [૨]શ્રીમદ્વિઠ્ઠલનંદન, [૩]શ્રીવલ્લભ, [૪]શ્રીસદાનંદ, [૫]શ્રીસચ્ચિદાનંદ વિગ્રહ. [૬]શ્રીરુક્મિણીનંદન, [૭]શ્રીમાન્, [૮]શ્રીપાર્વતીપ્રાણવલ્લભ, [૯]શ્રીસર્વ સદ્ગુણોથી સંપન્ન, [૧૦]પુત્ર શ્રીવિઠ્ઠલરાયથી યુક્ત. [૧૧]પૌત્ર શ્રીગોવર્ધનેશથી આઢ્ય, [૧૨]તેને અતિશય પ્રીતિ કરનાર, [૧૩]શ્રીવ્રજપતિનું સંલાલન જેમણે કરેલું છે તેવા, [૧૪]શ્રીવ્રજાધીશનાં દર્શન માટે ઉત્સુક. [૧૫]પુત્રપૌત્ર પ્રપૌત્ર વિગેરે સર્વકુલથી આનંદ પમાડેલા, [૧૬]ઘણે ભાગે પોતાના કુલના આધાર, [૧૭]પોતાના સર્વકુલનું પોષણ કરનાર. [૧૮]પોતાની આશ્રિત સર્વ જ્ઞાતિઓનું પ્રીતિપૂર્વક પાલન કરનાર, [૧૯]યાચના કરવા આવેલા સર્વ પ્રાણિઓનું યોગ્ય પોષણ કરનાર. [૨૦]સર્વનો આધાર, [૨૧]શ્રીમહાઉદાર, [૨૨]સદા દાનના પ્રવાહવાલા, [૨૩]આવેલા પંડિતોના સમૂહને માનપૂર્વક દાન કરનાર. [૨૪]શ્રીગોકુલમાં વાસ કરનાર, [૨૫]ઘણે ભાગે શ્રીગોવર્ધનપર રહેનાર, [૨૬]શ્રીગોસ્વામી, [૨૭]શ્રીગોકુલાધીશ, [૨૮]શ્રીગોપ્રિય, [૨૯]શ્રીગોકુલેશ્વર. ૪-૧૦

...क्रमशः

જૈ જૈ શ્રીગોકુલેશ

નિજ ભક્તને ચરણે નમી

નિજ ભક્તને ચરણે નમી કહું કુળ દીપક એ

તમો સુણજો સહુ મલી સાથ વલ્લભકુળ દીપકએ. ૧

જગવિદિત પ્રાગટ્ય ઝલહલે ।। કુળ ।। તેજોમય શ્રીગોકુલનાથ...વલ્લભ ૨

શ્રીવિઠ્ઠલગ્રહે પ્રગટીઆ ।। કુળ ।। શ્રીરૂક્ષ્મણી કૂખથી એહ...વલ્લભ ૩

બહુ વિદ્યા રસપાત્ર જે ।। કુળ ।। શ્રીપરિપૂરણ સદા સ્નેહ...વલ્લભ ૪

અતિ દીર્ઘ બુદ્ધિ ઉજ્જવલ બાતી ।। કુળ ।। અદેયદાન તે દીપક જ્યોત...વલ્લભ ૫

માહા જસ પ્રકાશ તેજોમઈ ।। કુળ ।। ચૌદ ભુવન ઉદ્યોત...વલ્લભ ૬

અતિ પ્રચંડ વાયુ આંધિ ચિદ્રુપ ।। કુળ ।। તેથી ડોલે નહીં લવલેશ...વલ્લભ ૭

નિશદિન જ્યોતિ સમાનતા ।। કુળ ।। અજ્ઞાન તિમિર નહિં લેશ...વલ્લભ ૮

કાજલની કાલિમ નહીં ।। કુળ ।। નહિં છાયા, સઘળે ઉદ્યોત...વલ્લભ ૯

અલૌકિક કામ ઉદ્દીપન ।। કુળ ।। ઉકાશ્યા વિના અતિ જ્યોત...વલ્લભ ૧૦

અતિ સિતલ પ્રકૃતિ સદા રહે ।। કુળ ।। નહિ ઉષ્ણતણો લવલેશ...વલ્લભ ૧૧

અલૌકિક દીપ તે એણી પેરે ।। કુળ ।। સહેજ સુગંધ સુવેસ...વલ્લભ ૧૨

એ દીપકને કિરણ અમી ઝરે ।। કુળ ।। અતિ અદભૂત નવલી ભાંત્ય ૧૩

તે અનુભવ વિના બીજો નવ લહે ।। કુળ ।। લહે અનુભવી ભક્તની પાંત્ય...વલ્લભ ૧૪

શ્રીમુખ મધુર વચન કહે ।। કુળ ।। અતિ ઈષદ્ હાસ્ય અનુપ...વલ્લભ ૧૫

ફુલ ખરે છે તેહ સમય ।। કુળ ।। શુભ સિંચન ગોકુલ ભુપ...વલ્લભ ૧૬

શ્રીગોસાંઈજીએ શ્રીમુખે કહ્યું ।। કુળ ।। શ્રીશોભાજી આગળ સત્ય...વલ્લભ ૧૭

હરિદાસ તે ક્યાં લગી કહી શકે ।। કુળ ।। શ્રીવિઠ્ઠલેશ તણી મનવૃત્ય ૧૮

રસી રીત માર્ગ ઉદ્દીપન કર્યો ।। કુળ ।। પુષ્ટ પુષ્ટ તણી જે પેર...વલ્લભ ૧૯

હવે અલૌકિક દાન વર્ણન કરૂં ।। કુળ ।। વેલાઓલી વહે ઘેર...વલ્લભ ૨૦

કવિત

શ્રીગોકુલેશકો જશ મેરે અભિરામ યેહી,

પ્રમાન ગ્રંથ મતિ મતિ કહો મેરે આગે કો;

એઇ મેરે ધન સર્વસ મેરે એ સ્વરૂપ,

યાકો રૂપ લીલા ગુન કહો મેરે આગે કો;

ઈન હી સોં રસ, અનરસ ઔર બાતનમેં,

કાન ન સુહાય, જીન કહો મેરે આગે કો;

એહી રસહીમેં રસ, આન રસ ફીકોં લાગે,

નિરસ અદીઠ બિન દેખે પાછે લાગેગો. ૩૧

શ્રીગોકુલનાથકી જય

...મહોત્સવની વધાઈ..

राग मारू

आज बधावन आये श्रीविट्ठलनाथ वरेश प्रगट्या श्रीगोकुलेश ।। आज ।। मागसर मास सुहावनो तेमां सुदी सातम भलीपेर ।। श्रीरुक्मिनी यहपुत्र जायो मङ्गल होत घेर घेर ।। १ ।। केसर चन्दन छांटणां ते शोभा कहीय न जाय ।। चोक पूर्यो मोतिएं त्यां मानिनि मङ्गल गाय ।। २ ।। कदली स्तम्भ सुहावना द्वार हाथा अतिही सुरङ्ग ।। तोरण बांध्यां नवपल्लवदल ललके सौ मली सङ्ग ।। ३ ।। वाजिन्त्रा वाजे भेरन भेरी धोंसा गीड़गीड़ बहुय ।। चौदलोक गाजी रह्युं हो फूल्या रसीया सहुय ।। ४ ।। धोल गाये महिला सहु मली आवे विविध प्रकार ।। शणगार कीधा भूषण अङ्गे साडी सुन्दर सार ।। ५ ।। एणी भांते आवी जोया में श्रीवल्लभलाल ।। आशिष दई दई वदन निहाले भक्त रसिक रसाल ।। ६ ।। नवराव्या केसर श्रीअङ्गे मेहेके तेल फुलेल ।। प्रवाह चाल्यो रस तणो त्यां बहु विध सुखनी रेल ।। ७ ।। चरणामृत ले भगवदी सहु भाग्य फल्यां अति आज ।। पाम्यां परमानन्द वल्लभवर अविचल पति महाराज ।। ८ ।। आरती करी लई तिलक सुहाव्यो मङ्गल करी सहु साह ।। दान आप्या मन इच्छित त्यां आव्यो अनेक समाज ।। ९ ।। न्योछावरि करि चरन समर्प्यो सुन्दरि सर्वे प्राण ।। ए प्रागट्य सर्वोपरिजानुं महद् भक्त निधान ।। १० ।। ए उत्सव जो कोई जाने तिन होय श्रेष्ठ स्वरूप ।। वल्लभदास श्रीपुरुषोत्तम ए श्रीगोकुल केरा भूप ।। ११ ।।

|| ShriGokulesho Jayati ||

ShriGokulnathji

(Life & Works)

....continued

ShriGokulnath charanan mein, Shish sada naman hai;
Yehi swaroop ko jeev chahe, Jo nijjan varan padhar hai. 1
ShriGokulesh hi yaha swaroop, jo hai adi aru ant Anoop;
ShriGokul mein raajat sada, ShriBaithak sada Anuroop. 2
Jin dwara yaha swaroop khoju, jo swaroop kare VrajVaas;
Dasgopal ke ShriRai prabhu, jako Puraan kare Prakaas. 3

Purans search of Truth in the Vedas :-

The elements were at times agreeable (anukula) and at times cruel and unfavourable (pratikula). He had no control over the unconquerable mighty powers of nature. He experienced the inability of human beings to set right the wrongs wrought by nature. He was at the mercy of these different moods of nature. This led Him to think that every phenomenon of nature has something superhuman, something divine within it. He thought of some divine power, underlying each and every natural phenomenon. There were thus, different gods and goddesses presiding over the different forces of nature. Ther was the Sun-God, Vayu, and Maruts (wind gods), God Agni, Rain God, Parjanya and Indra, Goddess Sarasavati and others. Even the plant some was looked upon as a God. These gods and goddesses were fancied to have human forms, paraphernalia and aspivations too. But everything connected with them was divine, superhuman. Personification of the natural phenomenons, or authropomorphism, thus was the first stage towards understanding the universal phenomena.

This Gods were propitiated with different offerings for happy and prosperous life. Hymns were composed in praise of their exploits and many give us an account of such incidents. As time passed, a vast mythology was created around the Gods. The simple way of offering to Gods, later developed into intricate rituals, called sacrifice, and a dfefinite set of rules and regulations was formed to invoke and propitiate Gods. The Brahmans - texts contain the subject-matter of such different sacrificial activities. On the other hand, when there arose a legion of Gods, questions like **कस्यै देवाय हविष्णा विधेय** were asked. The Vedic seer thought, which of the Gods would be the mightiest and the highest and who would be the agent of the universe. Some Hymns described that Indra was the highest god, some described Varuna as the highest god and some pointed out that Prajapati was the lord of the Universe. Thus, Henotheism or Kathenoism seemed to be the second stage towards understanding the universal phenomena.

Some Suktas of the Rigveda attempt to find out the origin of the creation. For example, the Ap-Sukts of Hiranya - Garbha sukta, the Purusa- Sukta etc, tell us that it is the water, the Hiranyagarbha.

and the Purusha respectively, who is the prime cause of the universe. The riddle-hymn, which presents the problem of the universe, tries to solve the problem, by saying that truth is one and is variously described by the learned. The Purusa-Sukta points out that the Purusa is all pervading and the sole creative agency, while the Nasadiya-Sukta is a bold attempt to show that the mystery of creation and existence still demanded explaination. Rigveda thus, represents the polytheistic, monotheistic, and pantheistic tandencies in the development of the philosophical and religious thought in India.

Two lines of thought were clearly visible during the vedic age. One of them developed into a full-fledged sacrificial cult - the KarmaKandas of the Vedic religion. According to this line of thought, sacrifice was the sole aim of the life and the right performance of sacrifice leads to bliss in the life after death. But doubts were raised as regards that efficacy of the sacrifice. Kundakopanish 1.2.7 says the same as : **'प्लवा हूयेते बदृढा यज्ञरूपा'** And the other line of thought noticed in the first and the tenth Mandals of the Rigveda by the time, develops into the cult of the knowledge of Truth - JnanaKands of the Vedic religion.

The Aranyakas and the Upanishads form of the JnanaKands of the Vedic Literature. They are really the glory of ancient India. They are the bold attempts at solving the mystery of the universe. At places, one may find contradictions in statements of different Upanishads, but they agree in one point that Brahman is the creator of this Universe and He is Omni-Present, Omni-cient and Omni-Potent. All the elements, the nature and all the beings are forms of Brahman, are created from Brahman and ultimately merge into Brahman. Thus, If the objective universe is Brahman, the reality in the individual beings, men as well as animals, is the self, and is not different from Brahman. This highest Reality is beyond death and the summon bonum of life is the realization of the self or the Brahman.

Then, the question arises, why Brahman creates the Universe? He creates it, because it wants to sport. Different Upanishads treat of the way to realization and describe the abode of the Highest Reality. the Brahman. They also describe the 'swaroops' of the soul, the world and God. Herein we find some contradictory statements, which are responsible for the origin of the different systems of Vedanta philosophy later on. The Vedic seers never attempted to form a definite system of philosophy. Different seers taught their pupils what they realized to be the Truth through their meditation and initiative experiences. So, it is futile to chalk out a definite system of philosophy from the Upanishads. But then, why have the different later philosophers done so? The answer lies in the convention in ancient India. It was accepted that the source of knowledge is the Vedas and every philosopher had to base His philosophical doctrine on the Vedas i.e. Upanishads not only that, but later on, it was considered imperative on all philosophers to prove one-ness of the Upanishads, Gita and the Brahmasutras. Hence, all the Aacharyas have adopted the same method.

.....to be continued

.....courtsey :- From the old thesis work on ShriGokulnathji.

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૯
શ્રીઉત્પત્તિ એકાદશી વ્રત
કારતક વદ ૧૧, ૨૦૬૭

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય શ્રીગોકુલમેં અપની બેઠકમેં બિરાજત હતે તબ વાર્તા પ્રસંગ ચાલી રહ્યો હતો. તબ એકને વિનતી કીની જે રાજ, શ્રીજન્માષ્ટમીકો ઉત્સવ, શ્રીમહાપ્રભુજીકો ઉત્સવ, શ્રીગોપીનાથજીકો ઉત્સવ, શ્રીગુસાંઇજીકો ઉત્સવ ઔર શ્રીગોકુલનાથજીકો **મહાઉત્સવ**, યાકો કારણ કૃપા કરિકે સમજાઇયેં...તબ પ્રસન્ન હોય કે આજ્ઞા કીની જે 'મહા' શબ્દ હે સો વિષેશતાકો હે, જેસે મહાભોગ, મહાનિશા, મહારાસ, મહાપ્રભુ, એસે શ્રીપૂર્ણપુરૂષોત્તમ સાક્ષાત્ પુષ્ટ-પુષ્ટિ રસાત્મક પ્રભુકો પ્રાકટ્ય હોય તબ મહા શબ્દ વપરાય હે...જેસે શ્રીમહાપ્રભુજી, તેસે શ્રીગોકુલેશજીકો પ્રાગટ્ય. સ્ત્રીનો જે ભાવ ગૂઢ તે શ્રીગોકુલેશ - સ્વરૂપ કૃષ્ણરસાત્મક હે, યાતેં **શ્રીમહાઉત્સવ** ભયો.